**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**અમદાવાદ ખાતેની ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં**

**લેટર્સ પેટન્ટ અપીલ નં. ૨૯૫૫/૨૦૧૦**

**માં**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૦૩૯૦ / ૧૯૯૪**

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી અકીલ કુરેશી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. વાય. કોગજે**

| | | |
|---|---|---|
| ૧. | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | |
| ૨. | રિપોર્ટરને રીફર કરવું કે નહીં ? | |
| ૩. | શું ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | |

=======================================================

એસ. જે. પુરોહિત–અપીલકર્તા (ઓ)

વિરુદ્ધ

ડેપ્યુટી જનરલ મેનેજર અને ડિસીપ્લિનરી ઓથોરિટી & ૧–પ્રતિવાદી (ઓ)

=======================================================

ઉપસ્થીતી:–

શ્રી મૌલિન રાવલ, મેસર્સ આર. જે. રાવલ એસોસિએટ્સ માટે – અપીલકર્તા (ઓ) નંબર ૧ માટે વકીલ

સુશ્રી શિવ્યા એ. દેસાઇ, અપીલકર્તા (ઓ) નંબર ૧ માટે વકીલ

શ્રી વિનય બૈરાગરા, મેસર્સ ત્રિવેદિ અને ગુપ્તા માટે વકીલ, – પ્રતિવાદી (ઓ) નંબર ૧–૨ માટે વકીલ

પ્રતિવાદી (ઓ) નંબર ૧–૨ માટે બજાવવામાં આવેલ નિયમ

==================================================

કોરમઃ**માનનીય ન્યાયમૂર્તિશ્રી અકીલ કુરેશી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. વાય. કોગજે**

**તારીખ ૧૮/૦૪/૨૦૧૬**

**મૌખિક ચુકાદો**

**( માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. વાય. કોગજે દ્વારા)**

૧. આ અપીલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૦૩૯૦ / ૧૯૯૪ માં વિ. સિંગલ જજ ના તારીખ ૩૦.૦૪.૨૦૧૦ ના મૌખિક ચુકાદાને પડકારે છે, જેમાં વિ. સિંગલ જજે અપીલકર્તાને બેંકની સેવામાંથી મુક્ત (ડિસ્ચાર્જ) કરવાના હુકમને બહાલ રાખ્યો છે. અદાલત સમક્ષના અપીલકર્તા રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારી છે (જેમને સંક્ષિપ્તતા માટે અહીં હવે પછી "અરજદાર" તરીકે

ઓળખવામાં આવશે) અને સામાવાળા રાષ્ટ્રીયકૃત બેંક છે (જેમને અહીં હવે પછી "સામાવાળા બેંક" તરીકે ઓળખવામાં આવશે).

૨. આ કેસના હેતુ માટે જરૂરી અને રેકોર્ડ પરથી ઉદ્‌ભવતી ટૂંકમાં હકીકતો નીચે મુજબ છે:–

૨.૧ અરજદાર અમદાવાદ ખાતેની મુખ્ય શાખામાં સામાવાળા બેંકમાં કારકુન તરીકે નોકરી કરતા હતા. તેમને તારીખ ૧૩.૧૦.૧૯૮૦ ના પત્ર વ્યવહારથી ગંભીર ગેરવર્તણૂક માટે ચાર્જશીટ આપવામાં આવી હતી. ઉપરોક્ત પત્ર હેઠળ ગંભીર ગેરવર્તણૂકના ત્રણ આક્ષેપો જણાવવામાં આવ્યા હતા, જે નીચે મુજબ છે:–

> ૧. બેંકના હિતને નુકસાન પહોંચાડે અને બેંકને ગંભીર નુકસાનમાં મુકે તેવું કૃત્ય કરવું.
>
> ૨. બેંકની અથવા તેના ગ્રાહકોની મિલકતને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવું.
>
> ૩. બેંકના કોઈ અધિકારીની ખોટી સહીઓ કરવી.

૨.૨ જે સંજોગોના આધારે ઉપરોક્ત આક્ષેપો મૂકવામાં આવ્યા હતા તે નીચે મુજબ છે:-

"૧) તારીખ ૨૮.૮.૧૯૮૦ ના રોજ, તમે શાંતિલાલ એમ. શાહ નામના વ્યક્તિના નામે એક કાલ્પનિક બચત બેંક ખાતું નં. ૭૩૫૭૮ ખોલ્યું. સદર ખાતાના સંબંધમાં ખાતું ખોલવાના ફોર્મ કમ નમૂનાની સહીની શીટ પર, તમે એસ. એમ. શાહ તરીકે સહી કરી. તમે ખાતું ખોલવા માટે રૂ. ૧૦/- ની પ્રારંભિક પે-ઇન-સ્લિપ પણ ભરી અને તેના પર એસ. એમ. શાહ તરીકે સહી કરી. ત્યારબાદ લેજર શીટમાં તમે તેમાં કાલ્પનિક જમા એન્ટ્રી પોસ્ટીંગ કરીને સદર ખાતામાં સિલક બદલી નાખી. તારીખ ૧.૯.૧૯૮૦ ના રોજ તમે ઉપાડ ફોર્મ પર એસ. એમ. શાહ તરીકે સહી કરીને સદર ખાતામાંથી રૂ. ૧૦,૦૦૦/- ઉપાડી લીધા અને તે રીતે તમે બેંક સાથે છેતરપિંડી કરી અને બેંકને સદર રકમનું નુકસાન પહોંચાડ્યું.

૨) તારીખ ૯-૯-૧૯૮૦ ના રોજ, જ્યારે કથિત છેતરપિંડી પ્રકાશમાં આવી, ચોપડાઓનું મિલન કરતી વખતે, સંબંધિત

રેકોર્ડ શોધવા માટે તપાસ કરવામાં આવી હતી, પરંતુ સદર ખાતું ખોલવા માટેની પ્રથમ પે-ઇન-સ્લિપ સિવાય, નીચેના મળી આવ્યા ન હતા: (૧) ખાતું ખોલવાનું ફોર્મ-કમ-નમૂનાની સહીની શીટ (૨) લેજર શીટ (૩) રૂ. ૧૦,૦૦૦/- નો ઉપાડ અને (૪) પાસ બુક. તમારા દ્વારા આચરવામાં આવેલી તે જ છેતરપિંડીના પુરાવાનો નાશ કરવા માટે આ દસ્તાવેજો તમારા દ્વારા છુપી રીતે દૂર કરવામાં આવ્યા હતા.

૩) તારીખ ૩-૯-૧૯૮૦ ના રોજ, તમે મુખ્ય શાખાના સી અને આઈ (ડિપોઝિટ) વિભાગના ઓફિસર (જેએમજી) શ્રી ડી. આઈ. ભટ્ટના બચત બેંક ખાતા નં. બી-૨૮૧૫૫ માં રૂ. ૬,૦૦૦/- જમા કર્યા, અને તે જ રકમ માટે તમારા પક્ષમાં તેમની પાસેથી ચેક મેળવ્યો. તમે રૂ. ૬૦૦૦/- ની પે-ઇન-સ્લિપ પર તેમજ શ્રી ડી. આઈ. ભટ્ટની ચેક-બુક રિક્વિઝિશન સ્લિપની પાછળ અને ચેક બુક ઈશ્યુ રજિસ્ટરમાં નં. એ.૦૨૪૯૨૧ થી એ-૦૨૪૯૪૦ ધરાવતી ચેક બુક શ્રી ડી. આઈ. ભટ્ટને ઈશ્યુ કરવામાં આવી હોવાના પ્રતિકરૂપે શ્રી ડી. આઈ. ભટ્ટની ખોટી સહી કરી."

૨.૩ એ જ પત્ર વ્યવહાર હેઠળ, અરજદારને જણાવવામાં આવ્યું હતું કે તેમને

સાક્ષીઓ અને મૌખિક કે દસ્તાવેજી કોઈપણ પુરાવા રજૂ કરવાની તક આપવામાં આવશે. તેમને એ પણ જણાવવામાં આવ્યું હતું કે તેમને તપાસ અધિકારી સમક્ષ ઉપસ્થિત રહેવા અને સાક્ષીઓની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવશે. તેમને એ પણ જાણ કરવામાં આવી હતી કે તેમને તેમની પસંદગીના પ્રતિનિધિ દ્વારા બચાવ કરવાની પરવાનગી આપવામાં આવશે.

૨.૪ આ તબક્કે, ઉપરોક્ત બનાવના સંબંધમાં એક મહત્વપૂર્ણ પાસાનો સંદર્ભ આપવો યોગ્ય છે. સમરી કેસ નં. ૮૮૯ / ૧૯૮૧ ના રૂપમાં અરજદાર અને અન્ય સામે ફોજદારી અદાલતી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અરજદાર અને સહ–આરોપી સામે ઘડવામાં આવેલા આક્ષેપનો સારાંશ એ છે કે બંને આરોપીઓએ બેંકની રૂ. ૧૦,૦૦૦/– ની રકમનો અપ્રમાણિકપણે ગેરવિનિયોગ કરવાનું કાવતરું રચ્યું હતું અને તેથી, તારીખ ૨૦.૦૮.૧૯૯૦ ના રોજ શાંતિલાલ એમ. શાહના નામે બોગસ ખાતું ખોલ્યું હતું અને તે હેતુ માટે, બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા અને તેનો સચ્ચા તરીકે ઉપયોગ કર્યો હતો. જો કે સદર ખાતામાં કોઈ નાણાં ન હતા, છતાં તારીખ ૦૧.૦૯.૧૯૯૦ ના રોજ, અરજદારે રૂ. ૧૦,૦૦૦/– ની રોકડ રકમ ઉપાડી લીધી હતી અને તેમના વ્યવહારને સરળ બનાવવા માટે, સહ–આરોપીના ખાતામાં રૂ. ૬,૦૦૦/– રોકડા જમા કરાવ્યા હતા જેની પાસેથી તેમણે ચેક મેળવ્યો હતો અને રૂ. ૬,૦૦૦/– ની રકમ પણ ઉપાડી લીધી હતી. તેમના પર વધુમાં આક્ષેપ

કરવામાં આવ્યો હતો કે કાલ્પનિક ખાતું ખોલવા માટેના સંબંધિત દસ્તાવેજો ઈરાદાપૂર્વક આડાઅવળા મૂકી દેવામાં આવ્યા હતા અથવા નાશ કરવામાં આવ્યા હતા અને તે રીતે, બેંક કર્મચારી હોવા છતાં, ગેરવિનિયોગ કર્યો છે, જેના માટે તેમના પર ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૯, ૪૧૯, ૪૬૮, ૪૭૧, ૨૦૪ અને ૧૧૪ હેઠળના ગુનાઓ માટે આક્ષેપ મૂકવામાં આવ્યો હતો.

૨.૫ કેસ ચાલ્યો હતો અને આખરે, વિ. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં. ૧૧, અમદાવાદે તારીખ ૦૫.૧૧.૧૯૯૨ ના ચુકાદા અને હુકમથી કેસનો અંત લાવવાનો હુકમ કર્યો હતો. વિ. મેજિસ્ટ્રેટનો અભિપ્રાય હતો કે ફરિયાદ પક્ષના કેસ પર શંકાના વાદળો હતા અને તેથી, ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર કેસ સાબિત કરવામાં અસમર્થ છે, જેથી અરજદારને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા.

૨.૬ એવું જણાય છે કે કેસ પૂર્ણ થયા પછી, તારીખ ૦૬.૧૧.૧૯૯૩ ના પત્ર વ્યવહાર દ્વારા પ્રેઝન્ટિંગ ઓફિસરની લેખિત બ્રીફ અરજદારના બચાવ પ્રતિનિધિને મોકલવામાં આવી હતી અને તેમને ૧૦ દિવસની મુદતમાં લેખિત બ્રીફ રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. એવું જણાય છે કે ખાતાકીય તપાસ નિયમ મુજબ આગળ વધી હતી અને જાન્યુઆરી ૧૯૯૪ માં ક્યાંક, તપાસ અધિકારીએ તપાસ અહેવાલ રજૂ કર્યો હતો, જેમાં તેમણે નીચે મુજબ નિષ્કર્ષ

કાઢ્યો હતો:-

"૩૨. ટિપ્પણી કરાયેલા સંજોગોને ધ્યાનમાં રાખીને હું માનું છું કે :

આક્ષેપ નં. ૧ : બેંકના હિતને નુકસાન પહોંચાડે અને બેંકને ગંભીર નુકસાનમાં મુકે તેવું કૃત્ય કરવું તે અંશતઃ એ હદ સુધી સાબિત થાય છે કે સીએસઈ નું કૃત્ય બેંકના હિતને નુકસાન પહોંચાડનારું અને બેંકને ગંભીર નુકસાનમાં મુકનારું હતું કારણ કે બેંકને નુકસાન સહન કરવું પડ્યું નથી કારણ કે સીએસઈ એ કૃત્યની કબૂલાત કરી છે અને રકમ ચૂકવી દીધી છે.

આક્ષેપ નં. ૨ : બેંક અથવા તેના ગ્રાહકોની મિલકતને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવું તે પરિસ્થિતિજન્ય પુરાવાના આધારે સાબિત થાય છે.આક્ષેપ નં. ૩ : બેંકના કોઈ અધિકારીની ખોટી સહીઓ કરવી તે સંપૂર્ણપણે સાબિત થાય છે."

૨.૭ આ અહેવાલ તારીખ ૧૫.૦૨.૧૯૯૪ ના પત્ર વ્યવહાર હેઠળ અરજદારને પણ પૂરો પાડવામાં આવ્યો હતો, જેમાં અરજદારને તારીખ ૨૮.૦૨.૧૯૯૪ ના રોજ અથવા તે પહેલાં લેખિતમાં અહેવાલ પર તેમની રજૂઆત સબમિટ કરવા માટે જણાવવામાં આવ્યું હતું. અરજદારે તેના જવાબમાં તારીખ ૧૮.૦૪.૧૯૯૪ ની તેમની લેખિત રજૂઆત સબમિટ કરી હતી.

૨.૮ શિસ્ત વિષયક સત્તાધિકારીએ તપાસ અહેવાલ તેમજ અરજદારની રજૂઆતને ધ્યાનમાં લીધા પછી તારીખ ૨૩.૦૬.૧૯૯૪ નો પત્ર વ્યવહાર જારી કર્યો હતો જેમાં અરજદારને જણાવવામાં આવ્યું હતું કે શિસ્ત વિષયક સત્તાધિકારી તપાસ અધિકારીના તારણો સાથે સહમત છે અને શાસ્ત્રી એવોર્ડના પેરા–૫૨૧(૫)(ઈ) સાથે વાંચતા પેરા–૫૨૧(૧૦)(સી) મુજબ ગંભીર ગેરવર્તણૂક માટે બેંકની સેવામાંથી મુક્ત (ડિસ્ચાર્જ) કરવાની સજા લાદવાનો પ્રસ્તાવ મૂકે છે. આ પત્ર વ્યવહાર હેઠળ, અરજદારને એ પણ જણાવવામાં આવ્યું હતું કે તેમને કારણ દર્શાવવાની તક આપવામાં આવી છે કે શા માટે ઉપરોક્ત સજા લાદવામાં ન આવે. તેમને વ્યક્તિગત સાંભળવા પણ આપવામાં આવ્યા હતા અને જણાવવામાં આવ્યું હતું કે તેઓ તેમની પસંદગીના પ્રતિનિધિ દ્વારા રજૂઆત કરાવી શકે છે. આ કેસના રેકોર્ડ પરથી એવું જણાય છે કે અરજદારે તેમના બચાવ પ્રતિનિધિ મારફત લેખિતમાં આખરી સબમિશન્સ રજૂ કર્યા હતા અને તારીખ ૦૪.૦૮.૧૯૯૪ ના રોજ પોતાની સહી હેઠળ લેખિત રજૂઆત પણ કરી હતી. તપાસ અહેવાલ, બચાવ પ્રતિનિધિના આખરી સબમિશન્સ અને અરજદારની રજૂઆતને ધ્યાનમાં રાખીને, શિસ્ત વિષયક સત્તાધિકારીએ ગંભીર ગેરવર્તણૂકનું ગંભીર સ્વરૂપ કે જે પ્રસ્થાપિત થયું હતું જેમાં અરજદાર બનાવટ, બેંકની મિલકતને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવા અને બેંકના હિતને નુકસાન પહોંચાડતા કૃત્યોમાં સામેલ હતા તે ધ્યાને લેતા, બેંકના

સર્વોત્તમ હિત અને સુરક્ષામાં અરજદારને સેવામાં ચાલુ રાખવા યોગ્ય ન માન્યા, જેથી અરજદાર પર બેંકની સેમાંથી મુક્ત (ડિસ્ચાર્જ) કરવાની પેનલ્ટી લાદવામાં આવી.

૨.૯ ડિસ્ચાર્જના આ હુકમને પડકારતાં, અરજદારે આ વડી અદાલત સમક્ષ રીટ અરજી દાખલ કરી હતી જેમાં મુખ્યત્વે આ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, (એ) કે શિસ્ત વિષયક સત્તાધિકારીએ અરજદાર દ્વારા લખાયેલા બે કબૂલાતના પત્રોને અયોગ્ય મહત્વ આપ્યું છે. તે જ સમયે, તે પત્રને અવગણવામાં આવ્યો છે જેમાં અરજદારે તેમનું અગાઉનું નિવેદન પાછું ખેંચ્યું છે (રેટ્રેક્ટ કર્યું છે), (બી) અરજદાર સામે દાખલ કરવામાં આવેલ ફોજદારી કેસ અને ખાતાકીય કાર્યવાહી એ જ હકીકતો અને પુરાવા પર આધારિત છે અને તેથી, ફોજદારી અદાલતી કાર્યવાહીમાં નિર્દોષ છૂટકારો થયો હોવાથી, અરજદારને ખાતાકીય તપાસમાં તેનો લાભ આપવો જોઈએ, (સી) કે સંચાલનના સાક્ષીઓ તદ્દન અવિશ્વસનીય હતા.

૨.૧૦ અરજદારની રજૂઆતોનો અસ્વીકાર કરતા, વિ. સિંગલ જજ નીચે મુજબ ઠરાવીને અરજી ફગાવી દેવા માટે પ્રસન્ન થયા હતા:-

"૭. સંબંધિત પક્ષકારોના વિ. કાઉન્સેલને સાંભળ્યા અને રેકોર્ડ

પરના દસ્તાવેજો વંચાણે લીધા. અરજદારને જારી કરાયેલ ચાર્જશીટમાં, એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે (૧) અરજદારે એવું કૃત્ય કર્યું હતું કે જે સામાવાળા–બેંકના હિત માટે પ્રતિકૂળ હતું અને, તેનાથી, બેંકને ગંભીર નુકસાન પહોંચાડ્યું હતું; (૨) તેમણે ઈરાદાપૂર્વક બેંકની અથવા તેના ગ્રાહકોની મિલકતને નુકસાન પહોંચાડ્યું હતું; અને (૩) તેમણે બેંકના એક અધિકારીની ખોટી સહીઓ કરી હતી. ઉપરોક્ત ત્રણ આક્ષેપોમાંથી, આક્ષેપ નં. ૨ અને ૩ શંકાથી પર સાબિત થયા હતા, જ્યારે, આક્ષેપ નં. ૧ અંશતઃ સાબિત થયો હતો.

૮. જ્યાં સુધી દબાણ હેઠળ અરજદારના નિવેદનો નોંધવા અંગે અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલી રજૂઆતનો સંબંધ છે, તે કોઈ યોગ્યતા વિનાની છે કારણ કે પોતાની કબૂલાતો આપ્યા પછી, અરજદારે ડિપોઝિટની રકમ ઉપાડી લીધી હતી, જે સામાવાળા–બેંક પાસે પડી હતી. જો નિવેદનો દબાણમાં નોંધવામાં આવ્યા હોત, જેમ કે અરજદારના વિ. કાઉન્સેલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે, તો અરજદારે તેની પાકતી મુદત પહેલાં ડિપોઝિટની રકમ ઉપાડી ન હોત. બેંક પાસે પડેલી ડિપોઝિટની રકમ ઉપાડવાની અરજદારની સદર કાર્યવાહી તેના વાંક તરફ નિર્દેશ કરે

છે. તેથી, અરજદાર દ્વારા કરવામાં આવેલી સદર રજૂઆત, કોઈ યોગ્યતા વગરની હોઈ, રદ થવા પાત્ર છે.

૯. અરજદાર સામે સાબિત થયેલા આક્ષેપોની ગંભીરતા અને ઉપર ચર્ચાયેલી હકીકતોને જોતાં, મારો એવો અભિપ્રાય છે કે સામાવાળા–બેંક દ્વારા લેવાયેલો નિર્ણય યોગ્ય અને વ્યાજબી છે, ખાસ કરીને, જ્યારે અરજદાર બેંકિંગ ક્ષેત્રમાં નોકરી કરતા હતા. તેથી, મને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળની આ અરજીમાં હસ્તક્ષેપ કરવા માટે કોઈ કારણો જણાતા નથી."

૩. અરજદાર માટેના વિ. વકીલ શ્રી મૌલિન રાવલ અને સામાવાળા બેંક માટે એમ/એસ. ત્રિવેદી અને ગુપ્તા વતી વિ. વકીલ શ્રી વિનય બૈરાગ્રાને સાંભળ્યા.

૪. અરજદાર માટેના વિ. વકીલે આપણને રેકોર્ડ પરના દસ્તાવેજોમાંથી પરિશ્રમપૂર્વક પસાર કરાવ્યા છે, જેમાં તપાસ અહેવાલ, તારીખ ૧૩.૦૯.૧૯૮૦ અને ૧૫.૦૯.૧૯૮૦ ના બે કબૂલાતના નિવેદનો, રેટ્રેક્શન પત્ર, સમરી કેસ નં. ૮૮૯ / ૧૯૮૧ ની અદાલતી કાર્યવાહીમાં ચુકાદો અને બચાવ પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલા આખરી સબમિશન્સનો પણ સમાવેશ થાય છે. શ્રી રાવલે આપણને ખાતાકીય કાર્યવાહીમાં પુરાવાઓમાંથી પણ ઉડતી નજરે પસાર થવા

માટે પ્રેરિત કર્યા, જેમાં સંચાલનના સાક્ષીઓના નિવેદનો સમાવિષ્ટ છે.

૫. અરજદાર માટેના વિ. વકીલે પ્રથમ એવી રજૂઆત કરી હતી કે આ કોઈ પુરાવા ન હોવાનો કેસ છે કારણ કે શિસ્ત વિષયક સત્તાધિકારીનો નિર્ણય કબૂલાતના પત્રો પર આધારિત છે જ્યારે રેટ્રેક્શનના પત્રને ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. હસ્તલેખિત સ્વરૂપમાં રહેલા બે પત્રોનું વાંચન ઘટના સમયે બનેલી ઘટનાઓની શ્રેણી અને અરજદાર દ્વારા ભજવવામાં આવેલી ચોક્કસ ભૂમિકાનું વર્ણન કરે છે. તેમણે કાલ્પનિક નામે ખાતું ખોલાવ્યાનું સ્વીકાર્યું છે. તેમણે ખાતું ખોલવાની સુવિધા માટે બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યાનું સ્વીકાર્યું છે. તેમણે લેજર શીટ અને પાસ બુકમાં રૂ. ૧૦,૦૦૦/– ની ખોટી એન્ટ્રી કર્યાનું સ્વીકાર્યું છે. તેમણે સહ–કર્મચારીના ખાતાની મદદથી રૂ. ૧૦,૦૦૦/– ની રકમ ઉપાડી હોવાનું પણ સ્વીકાર્યું છે. તેમણે સ્વીકાર્યું છે કે તેમના કૃત્યોની શોધ અટકાવવા માટે, તેમણે પાસ બુક, લેજર શીટ, ઉપાડ ફોર્મ અને એકાઉન્ટિંગ ફોર્મનો નાશ કર્યો છે. તેમણે છેલ્લે સ્વીકાર્યું છે કે તેમણે તારીખ ૧૫.૦૯.૧૯૮૦ ના રોજ સુન્દ્રી ખાતામાં રૂ. ૧૦,૦૦૦/– ની રકમ ફરીથી જમા કરાવી છે. રેકોર્ડ પર પરિશિષ્ટ–જી પર રહેલા રેટ્રેક્શનના નિવેદનનું વાંચન એવું સૂચવે છે કે તેમણે જણાવ્યું છે કે તેમણે જે કબૂલાતના નિવેદનો લખ્યા હતા તે દબાણ હેઠળ હતા. જો કે, અરજદારે એ રજૂઆત સાબિત કરવાનો તેમનો બોજ અદા કર્યો નથી કે કબૂલાતના નિવેદનો દબાણ કે અજોરી હેઠળ નોંધાયા હતા.

આ હકીકત સાબિત કરવા માટે અરજદારને કોઈ પુરાવા રજૂ કરતા કોઈ વસ્તુએ રોક્યા ન હતા. અજોરી કે દબાણ સાબિત કરવા માટેના પુરાવાની ગેરહાજરીમાં, આ અદાલત એવું ધારી શકે નહીં કે કબૂલાતના નિવેદનો અરજદાર દ્વારા દબાણ હેઠળ લખવામાં આવ્યા હતા. તદુપરાંત, રેટ્રેક્શન એ પછીથી સૂઝેલો વિચાર જણાય છે. તદુપરાંત, એમ. એક્ઝિબિટ-૧૨ (એમ. એક્ઝિબિટ-૪) પર દેખાતા દસ્તાવેજના રૂપમાં અન્ય પુરાવા છે, જે તારીખ ૧૫.૦૯.૧૯૮૦ નું રૂ. ૧૦,૦૦૦/- નું એકાઉન્ટ વાઉચર છે જે અરજદારના પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરવામાં આવ્યું હતું જે તેમણે સ્વીકાર્યું હતું. મેનેજમેન્ટ સાક્ષી નં. ૬ શ્રી એમ. આર. દેસાઈના જણાવ્યા મુજબ, આ આખી કવાયત અરજદાર દ્વારા કોઈ દબાણ કે અજોરી વગર કરવામાં આવી હતી. આ ઉપરાંત, ખાતાકીય કાર્યવાહી દરમિયાન ૭ સંચાલન સાક્ષીઓએ બનાવના એક કે બીજા પાસા પર તેમના નિવેદનો આપ્યા છે અને તેથી, આ અદાલત એવા નિષ્કર્ષ પર આવી શકે નહીં કે આ કોઈ પુરાવા ન હોવાનો કેસ છે. પુરાવા ન હોવાના તેમના દાવોના સમર્થનમાં, અરજદારના વિ. વકીલે યુનિયન ઓફ ઈન્ડિયા વિરૂદ્ધ એચ. સી. ગોયલ, એઆઈઆર ૧૯૬૪ એસસી, પેજ નં. ૩૬૪ માં અહેવાલ થયેલ માનનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખ્યો છે, ખાસ કરીને પેરા ૨૦, ૨૨ અને ૨૩ જે નીચે મુજબ છે:-

"૨૦. આ નિષ્કર્ષ આખરી રીતે અપીલનો નિકાલ કરતો નથી.

અરજદાર જ્યારે એવી રજૂઆત કરે છે કે આ કેસના સંજોગોમાં, સરકારનો નિષ્કર્ષ કોઈપણ પુરાવા વિનાના આધાર પર છે ત્યારે તેઓ સાચા નથી કે કેમ તે વિચારવાનું હજુ બાકી રહે છે. તે એક એવો નિષ્કર્ષ છે જે વિકૃત છે અને–, તેથી, રેકોર્ડ પર સ્પષ્ટ અને દેખીતી ભૂલથી પીડાય છે કે વડી અદાલત તેને રદ કરવામાં વાજબી ઠરશે. બરતરફ કરવામાં આવ્યા હોય, અથવા અન્યથા અનુચ્છેદ– ૩૧૧ (૨) આકર્ષાય તે રીતે જેની સામે કાર્યવાહી કરવામાં આવી હોય તેવા જાહેર સેવકો દ્વારા દાખલ કરાયેલી રીટ અરજીઓ સાથે કામ કરતી વખતે, અનુચ્છેદ– ૨૨૬ હેઠળ વડી અદાલતને એ તપાસ કરવાની સત્તાધિકારીતા છે કે જે નિષ્કર્ષ પર સરકારનો બરતરફીનો આક્ષેપિત હુકમ આધારિત છે તેને કોઈપણ પુરાવા દ્વારા સમર્થન મળે છે કે નહીં. એ સાચું છે કે ગેરવર્તણૂકના દોષી ઠરેલા સરકારી સેવક સામે જે બરતરફીનો હુકમ કરવામાં આવે છે, તેને વહીવટી હુકમ તરીકે વર્ણવી શકાય છે; તેમ છતાં, તેની સામે ઘડવામાં આવેલા આક્ષેપ માટે તે દોષી છે કે કેમ તે નક્કી કરવા માટે વૈધાનિક નિયમો હેઠળ આવા જાહેર સેવક સામે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અર્ધ–ન્યાયિક કાર્યવાહીના સ્વરૂપની છે અને તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે સર્ટિઓરીની રીટ, દાખલા તરીકે, જાહેર સેવક દ્વારા દાવો કરી શકાય છે જો તે

વડી અદાલતને સંતોષવામાં સક્ષમ હોય કે સદર કાર્યવાહીમાં સરકારનો આખરી નિષ્કર્ષ જે તેની બરતરફીનો આધાર છે તે કોઈ પુરાવા પર આધારિત નથી. વાસ્તવમાં, વિદ્વત એટર્ની–જનરલ પ્રત્યે ન્યાય ખાતર, મારે ઉમેરવું જોઈએ કે તેમણે કાયદાની આ સ્થિતિ અંગે ગંભીરતાથી વિવાદ કર્યો ન હતો.

૨૨. અમે આ રજૂઆત સ્વીકારવા તૈયાર નથી. સત્તાના કપટપૂર્વકના ઉપયોગ પર તે કપટપૂર્વકનો છે તે આધાર પર સ્વતંત્ર રીતે હુમલો કરી શકાય છે. સત્તાનો આવો ઉપયોગ હંમેશાં મુખ્ય આધાર પર રદ થવા પાત્ર છે કે તે સદ્ભાવનાપૂર્વક સત્તાનો ઉપયોગ નથી. પરંતુ જો અપીલકર્તાની તરફેણમાં કપટપૂર્વકનો આક્ષેપ કરવામાં આવ્યો ન હોય અને સદ્ભાવના ધારી લેવામાં આવી હોય તો પણ, હકીકતના પ્રશ્ન પરના તેના નિષ્કર્ષને સફળતાપૂર્વક પડકારી શકાય નહીં જો તે સ્પષ્ટ હોય કે તેને સમર્થન આપવા માટે કોઈ પુરાવા નથી તેવું માનવા અમે તૈયાર નથી. બંને ક્ષતિઓ અલગ અને ભિન્ન છે, જોકે, કલ્પનાશીલ રીતે, કેટલાક કિસ્સાઓમાં, બંને હાજર હોઈ શકે છે. સરકાર સદ્ભાવનાથી કામ કરતી હોય ત્યાં પણ પુરાવા ન હોવાના કિસ્સાઓ હોઈ શકે છે; સદર ક્ષતિ પણ અસ્તિત્વમાં હોઈ શકે છે

જ્યાં સરકાર કપટપૂર્વક કામ કરી રહી હોય અને તે કિસ્સામાં, કોઈપણ પુરાવા દ્વારા સમર્થિત ન હોય તેવો સરકારનો નિષ્કર્ષ કપટનું પરિણામ હોઈ શકે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે જો તે સાબિત થાય કે સરકારના નિષ્કર્ષને સમર્થન આપવા માટે કોઈ પુરાવા નથી, તો કપટના વધુ પુરાવા વિના સર્ટિઓરીની રીટ જારી કરવામાં આવશે નહીં. એટલા માટે અમે વિદ્વત એટર્ની જનરલની આ દલીલ સ્વીકારવા તૈયાર નથી કે વર્તમાન કેસમાં અપીલકર્તા સામે કોઈ કપટનો આક્ષેપ કરવામાં આવ્યો ન હોવાથી, અરજદારની તરફેણમાં સર્ટિઓરીની કોઈ રીટ જારી કરી શકાય નહીં.

૨૩. તે આપણને અરજદારની રજૂઆતની ગુણવત્તા તરફ લઈ જાય છે કે અરજદાર સામે ઘડવામાં આવેલ ત્રીજો આક્ષેપ સાબિત થયો છે તેવો અપીલકર્તાનો નિષ્કર્ષ કોઈ પુરાવા પર આધારિત નથી. વિદ્વત એટર્ની-જનરલે આપણી સમક્ષ ભારપૂર્વક જણાવ્યું છે કે આ પ્રશ્ન સાથે કામ કરતી વખતે, આપણે એ હકીકત ધ્યાનમાં રાખવી જોઈએ કે અપીલકર્તા ભ્રષ્ટાચારને નાબૂદ કરવાના નિશ્ચય સાથે કામ કરી રહ્યા છે, અને તેથી, જો તે બતાવવામાં આવે કે અપીલકર્તા દ્વારા લેવાયેલો દ્રષ્ટિકોણ

વ્યાજબી રીતે શક્ય દ્રષ્ટિકોણ છે, તો આ અદાલતે તે નિર્ણય પર અપીલમાં બેસવું જોઈએ નહીં અને આ અદાલતે તે જ દ્રષ્ટિકોણ લીધો હોત કે નહીં તે નક્કી કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. આ રજૂઆત નિઃશંકપણે તદ્દન યોગ્ય છે. અરજદારના કેસના આ ભાગ સાથે કામ કરતી વખતે આપણે જે એકમાત્ર કસોટી વાજબી રીતે લાગુ કરી શકીએ છીએ તે એ છે કે, શું એવો કોઈ પુરાવો છે જેના પર અરજદાર સામે એવું તારણ કાઢી શકાય કે તેમની સામે આક્ષેપ નંબર ૩ સાબિત થયો હતો? આવી દલીલ પર અનુચ્છેદ-૨૨૬ હેઠળ તેની સત્તાધિકારીતાનો ઉપયોગ કરતી વખતે, વડી અદાલત ચોક્કસ નિષ્કર્ષના સમર્થનમાં પુરાવાની પર્યાપ્તતા કે યોગ્યતા વિશેના પ્રશ્ન પર વિચાર કરી શકતી નથી. તે એક બાબત છે જે તે પ્રશ્ન સાથે કામ કરનાર સત્તાધિકારીની ક્ષમતામાં છે; પરંતુ વડી અદાલત તપાસ કરી શકે છે અને કરવી જ જોઈએ કે આક્ષેપિત નિષ્કર્ષના સમર્થનમાં કઈ પુરાવો છે કે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, જો તપાસમાં દોરવામાં આવેલા સમગ્ર પુરાવાને સાચા તરીકે સ્વીકારવામાં આવે, તો શું એવો નિષ્કર્ષ આવે છે કે પ્રશ્નમાં રહેલો આક્ષેપ અરજદાર સામે સાબિત થયો છે? આ અભિગમ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું ટાળશે. તે પુરાવાને તે જેવા છે તેવા લેશે અને માત્ર એ ચકાસશે કે તે પુરાવા પર કાયદેસર

રીતે આક્ષેપિત નિષ્કર્ષ આવે છે કે નહીં. આ કસોટી લાગુ કરીને, આપણે એવું માનવા તરફ ઢળીએ છીએ કે અરજદારની ફરિયાદ વ્યાજબી આધાર વાળી છે કારણ કે, અમારા મતે, અરજદારને બરતરફ કરતા અપીલકર્તાના હુકમમાં જે તારણ ગર્ભિત છે કે તેમની સામે આક્ષેપ નંબર ૩ સાબિત થયો છે તે કોઈ પુરાવા પર આધારિત નથી."

૬. જો કે, આ કેસની હકીકતોમાં, અમે એવું માનવા અસમર્થ છીએ કે આ કોઈ પુરાવા ન હોવાનો કેસ છે અને ઉપર જણાવ્યા મુજબ, હકીકતમાં પૂરતા પુરાવા છે અને જેમ કે આ જ ચુકાદાના પેરા–૨૩ માં ઠરાવવામાં આવ્યું છે, આ અદાલત, પેરા– ૨૩ માં નિર્દેશિત કર્યા મુજબ કવાયત હાથ ધરતી વખતે, એવા નિષ્કર્ષ પર આવવા માટે અસમર્થ છે કે આ કોઈ પુરાવા ન હોવાનો કેસ છે.

૭. અરજદારના વિ. વકીલની આગામી રજૂઆત એ છે કે ગંભીર ગેરવર્તણૂક માટે શિસ્ત વિષયક સત્તાધિકારી તેમના તારણોનો આધાર રાખી શકે તે માટે ગેરવર્તણૂકની કબૂલાત એ એકમાત્ર પુરાવો હોઈ શકે નહીં. પ્રથમ, અમે સ્વીકારતા નથી કે કબૂલાત એ અરજદાર સામે ઉપલબ્ધ પુરાવાનો એકમાત્ર ટુકડો છે. બીજું, અરજદાર દ્વારા હસ્તાક્ષરમાં કરવામાં આવેલી ત્રણ અલગ–અલગ કબૂલાતો છે. આ એમ. ડબ્લ્યુ. ૬ શ્રી એમ. આર. દેસાઈના પુરાવાનું

વાંચન સ્પષ્ટપણે દર્શાવે છે કે આ સાક્ષીએ જણાવ્યું છે કે એમ. એક્ઝિબિટ– ૧૨ દસ્તાવેજ અરજદારના પોતાના હસ્તાક્ષરમાં છે અને તે જ આ સાક્ષી અને અન્ય બેંક અધિકારીની હાજરીમાં લખવામાં આવ્યું હતું. તેમણે એમ પણ જણાવ્યું છે કે ત્યાં કોઈ દેખીતું દબાણ કે અજોરી ન હતી. આ સંબંધમાં એમ. ડબ્લ્યુ. ૬ ની ઉલટતપાસથી પણ અરજદારની તરફેણમાં કોઈ પરિણામ આવ્યું નથી. આ ઉપરાંત, સંચાલનના સાક્ષીઓએ તેમના નિવેદનો આપ્યા છે. કબૂલાત અંગેની તેમની રજૂઆતના સમર્થનમાં, અરજદારના વિ. વકીલે કાન્દા પદયાચી વિરૂદ્ધ ટી. એન. રાજ્ય, એઆઈઆર ૧૯૭૨ એસસી, પેજ નં. ૬૬ માં અને કુસુમા અંકમા રાવ વિરૂદ્ધ એ. પી. રાજ્ય, એઆઈઆર ૨૦૦૮ એસસી, પેજ નં. ૨૮૧૯ માં અહેવાલ થયેલ માનનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ પર આધાર રાખ્યો હતો. આ અદાલત જણાવાય છે કે આ બંને ચુકાદાઓ ફોજદારી ન્યાયશાસ્ત્રના ક્ષેત્રમાં છે અને તેથી, આ પ્રતિપાદનની ક્ષમતા આ કેસની હકીકતોને આકર્ષિત કરી શકાતી નથી. ફોજદારી કેસમાં કબૂલાતના નિવેદનને લાગુ કરવામાં આવતા પુરાવાના સખત ધોરણો ખાતાકીય કાર્યવાહીમાં કબૂલાતને પુરાવાકીય મૂલ્ય આપતી વખતે ક્યારેય લાગુ કરી શકાય નહીં.

૮. અરજદારના વિ. વકીલની આગામી રજૂઆત એ છે કે ફોજદારી અદાલતી કાર્યવાહી અને ખાતાકીય તપાસ એ જ હકીકતો અને પુરાવાના એક જ સેટ પર

આધારિત છે. રેકોર્ડનું અવલોકન આપણને એવા નિષ્કર્ષ પર દોરી જશે કે ફોજદારી કાર્યવાહી અને ખાતાકીય કાર્યવાહી એ જ હકીકતો અને પુરાવા પર નથી. આ એક પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે ખાતાકીય કાર્યવાહી અને ફોજદારી કાર્યવાહી તદ્દન અલગ-અલગ ક્ષેત્રોમાં કામ કરે છે અને અગાઉના પેરામાં અવલોકન કર્યા મુજબ, ફોજદારી કાર્યવાહીમાં ઘડવામાં આવેલ આક્ષેપ ખાતાકીય કાર્યવાહીના આક્ષેપ કરતાં તદ્દન અલગ છે. ખાતાકીય કાર્યવાહીમાં શિસ્ત વિષયક સત્તાધિકારી મુખ્યત્વે શિસ્તના અમલ, કર્મચારીની નૈતિકતાનું સ્તર અને બેંકની સેવામાં આવા કસૂરવારને ચાલુ રાખવાની યોગ્યતા સાથે સંબંધ ધરાવે છે. આ ઉપરાંત, નિર્દોષ છૂટકારાના ચુકાદાનું અવલોકન દર્શાવે છે કે ફરિયાદ પક્ષે શ્રી મનુભાઈ રતિલાલ દેસાઈ- એક્ઝિબિટ-૫, શ્રી જીતેન્દ્ર ગુલાબચંદ ભાવસાર- એક્ઝિબિટ-૨૧, શ્રી ભગવાનદાસ જેઠાલાલ ભાવસાર- એક્ઝિબિટ-૫૦, શ્રી રશ્મિકાંત ચંદ્રકાંત કિનારીવાલા- એક્ઝિબિટ-૫૧, શ્રી ગૌતમભાઈ દલપતભાઈ મહેરિયા- એક્ઝિબિટ-૫૨, શ્રી ચીમનલાલ જયરામ પટેલ- એક્ઝિબિટ-૫૩ અને શ્રી સેંધાભાઈ કાનજીભાઈ પ્રજાપતિ, હસ્તાક્ષર નિષ્ણાત - એક્ઝિબિટ-૫૪ ની તપાસ કરી હતી, જ્યારે ખાતાકીય તપાસમાં, જે ૭ સંચાલન સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી તેઓ શ્રી આર. સી. કિનારીવાલા- એમ ડબલ્યુ ૧, શ્રી જે.બી.શાહ- એમ ડબલ્યુ ૨, શ્રી ડી. આઈ. ભટ્ટ- એમ ડબલ્યુ ૩, શ્રી વી. કે. શાહ- એમ ડબલ્યુ ૪, શ્રી સી. જે. પટેલ- એમ ડબલ્યુ ૫, શ્રી એમ. આર. દેસાઈ- એમ

ડબલ્યુ ૬ અને શ્રી પ્રવીણચંદ્ર જે. શાહ– એમ ડબલ્યુ ૭ છે. વધુમાં, ફોજદારી કેસમાં અદાલત દ્વારા અરજદારને શંકાનો લાભ આપવામાં આવ્યો હતો અને તે સન્માનપૂર્વક નિર્દોષ છૂટકારાનો કેસ ન હતો. પોતાની રજૂઆતના સમર્થનમાં, વિ. વકીલે કેપ્ટન એમ. પોલ એન્થની વિરૂદ્ધ ભારત ગોલ્ડ માઈન્સ લિ. અને અન્ય, એઆઈઆર ૧૯૯૯, એસસી, પેજ નં.૧૪૧૬(૧) માં અહેવાલ થયેલ માનનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખ્યો છે. માનનીય સર્વોચ્ચ અદાલત સમક્ષ વિચારણા માટે આવેલો પ્રશ્ન એ હતો કે શું અન્ય સંજોગો સાથે નિર્દોષ છૂટકારો, ખાસ કરીને કેસની એકતરફી કાર્યવાહીની અપીલકર્તા સામેની ખાતાકીય કાર્યવાહી અથવા બરતરફીના હુકમને દૂષિત કરવાની અસર પડશે કે કેમ. આ કેસની હકીકતો સ્પષ્ટ કરશે કે ખાતાકીય તપાસ એકતરફી ચાલી હતી, જે ફોજદારી અદાલતી કાર્યવાહીમાં નિર્દોષ છૂટકારા પહેલાં બરતરફીમાં પરિણમી હતી. તેથી, નિર્દોષ છૂટકારા સાથે, અરજદારે પુનઃસ્થાપન માટે વડી અદાલતનો સંપર્ક કર્યો હતો અને વિ. સિંગલ જજે અરજી મંજૂર કરી હતી અને ખાતાકીય તપાસ માટે નવી તપાસ શરૂ કરવાની સ્વતંત્રતા સાથે પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. લેટર્સ પેટન્ટ બેંચે વિ. સિંગલ જજના ચુકાદાને ઉલટાવી દીધો, જેનાથી માનનીય સર્વોચ્ચ અદાલત સમક્ષ એસએલપી દાખલ થઈ. માનનીય સર્વોચ્ચ અદાલતે પેરા–૩૩ અને ૩૪ માં નીચે મુજબ ઠરાવ્યું હતું:–

"૩૩. કારણ કે વર્તમાન કેસમાં અપીલકર્તાને મોકૂફીના

સમયગાળા દરમિયાન કોઈ મોકૂફી ભથ્થું પૂરું પાડવામાં આવ્યું ન હતું અને તેમની બીમારીના કારણે તેમના દ્વારા માગવામાં આવેલી મુલતવી, જેને તબીબી પ્રમાણપત્રો દ્વારા યોગ્ય રીતે સમર્થન મળ્યું હતું, તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો જેના પરિણામે તેમની સામે એકતરફી કાર્યવાહી થઈ હતી, અમારો એવો અભિપ્રાય છે કે અપીલકર્તાને કુદરતી ન્યાયના સિદ્ધાંતોના સંપૂર્ણ ભંગ બદલ સજા કરવામાં આવી છે અને તેમને સાંભળવાની કોઈ તક આપવામાં આવી નથી. તદુપરાંત, અપીલકર્તા દ્વારા વડી અદાલત સમક્ષ તેમજ આપણી સમક્ષ એવી દલીલ કરવામાં આવી છે કે મોકૂફી ભથ્થું ન મળવાને કારણે તેમની ગરીબીના કારણે, તેઓ શિસ્ત વિષયક કાર્યવાહીમાં હાજરી આપવા માટે મુસાફરી કરી શક્યા ન હતા, આવી કાર્યવાહીમાં તપાસ અધિકારી દ્વારા નોંધાયેલા તારણો, જે એકતરફી રાખવામાં આવ્યા હતા, તે દૂષિત ઠરે છે.

૩૭. સામાવાળાઓના સમગ્ર કેસને કાઢી નાખવાનું બીજું એક કારણ છે. અગાઉ નિર્દેશ કર્યા મુજબ, ફોજદારી કેસ તેમજ ખાતાકીય કાર્યવાહી સમાન હકીકતોના સેટ પર આધારિત હતી, એટલે કે, 'અપીલકર્તાના નિવાસસ્થાને પાડવામાં આવેલ દરોડો અને ત્યાંથી ગુનાહિત વસ્તુઓની પુનઃપ્રાપ્તિ.' તપાસ અધિકારી

દ્વારા નોંધાયેલા તારણો, જેની એક નકલ આપણી સમક્ષ મુકવામાં આવી છે, તે દર્શાવે છે કે અપીલકર્તા સામે ઘડવામાં આવેલા આક્ષેપો પોલીસ અધિકારીઓ અને પંચ સાક્ષીઓ દ્વારા સાબિત કરવા માટે માગવામાં આવ્યા હતા, જેમણે અપીલકર્તાના ઘર પર દરોડો પાડ્યો હતો અને પુનઃપ્રાપ્તિ કરી હતી. તેઓ તપાસ અધિકારી દ્વારા તપાસવામાં આવેલા એકમાત્ર સાક્ષીઓ હતા અને તપાસ અધિકારીએ, તેમના નિવેદનો પર આધાર રાખીને, એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે અપીલકર્તા સામે આક્ષેપો સાબિત થયા હતા. ફોજદારી કેસમાં તે જ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી પરંતુ અદાલતે, સમગ્ર પુરાવાઓની વિચારણા કરીને, એવા નિષ્કર્ષ પર આવી હતી કે અપીલકર્તાના નિવાસસ્થાને કોઈ તપાસ કરવામાં આવી ન હતી કે કોઈ પુનઃપ્રાપ્તિ કરવામાં આવી ન હતી. ફરિયાદ પક્ષના સમગ્ર કેસને કાઢી નાખવામાં આવ્યો હતો અને અપીલકર્તાને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા. તેથી, આ પરિસ્થિતિમાં, જ્યાં અપીલકર્તાને ન્યાયિક હુકમ દ્વારા એવા તારણ સાથે નિર્દોષ છોડવામાં આવે છે કે અપીલકર્તાના નિવાસસ્થાને "દરોડો અને પુનઃપ્રાપ્તિ" સાબિત થઈ ન હતી, એકતરફી ખાતાકીય કાર્યવાહીમાં નોંધાયેલા તારણોને કાયમ રાખવાની મંજૂરી આપવી અન્યાયી, અયોગ્ય અને બદલે જુલમી

હશે."

૯. ઉપર અવલોકન કર્યા મુજબ, આ કેસનો રેશિયો આ કેસની હકીકતોને લાગુ પાડી શકાય નહીં, જે તદ્દન અલગ છે. તદુપરાંત, વર્તમાન કેસથી વિપરીત, ખાતાકીય કાર્યવાહી એકતરફી આગળ વધી હતી.

૧૦. અરજદારના વિ. વકીલે આગળ રૂપસિંઘ નેગી વિરૂદ્ધ પંજાબ નેશનલ બેંક, ૨૦૦૯ (૨) એસસીસી, પેજ નં.૫૭૦ માં અહેવાલ થયેલ માનનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખ્યો હતો. વિ. વકીલે પેરા- ४, ૧४, ૧૫ અને ૨૩ પર આધાર રાખ્યો હતો, જે નીચે મુજબ છે:-

> "४. સદર બનાવના પાંચ વર્ષ પછી, અપીલકર્તા સામે એવી રજૂઆત કરતા શિસ્ત વિષયક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી કે ૧૮.૧૧.૧૯૯૧ અને ૯.૧૦.૧૯૯૩ ના સમયગાળા દરમિયાન, તેમણે નં. ૬૨૬४૦૧ થી ૬૨૬४૨૫ ધરાવતી એક કોરી ડ્રાફ્ટ ઈશ્યુ બુક લઈ લીધી હતી. કારણ દર્શાવો નોટિસ જારી કરવામાં આવી હતી. તેમના દ્વારા કારણ દર્શાવવામાં આવ્યું હતું. તપાસ અધિકારી દ્વારા તેમને દોષી ઠેરવવામાં આવ્યા હતા. સદર કાર્યવાહીમાં, વર્ષ ૧૯૯૩ માં પોલીસ સત્તાધિકારીઓ સમક્ષ

અપીલકર્તાની કથિત કબૂલાત પર આધાર રાખવામાં આવ્યો હતો. તેને એક્ઝિબિટ પીઈ– ૩ તરીકે અંકિત કરવામાં આવ્યું હતું.

૧૪. નિર્વિવાદપણે, ખાતાકીય કાર્યવાહી એ અર્ધ–ન્યાયિક કાર્યવાહી છે. તપાસ અધિકારી અર્ધ–ન્યાયિક કાર્ય કરે છે. કસૂરવાર અધિકારી સામે મૂકવામાં આવેલા આક્ષેપો સાબિત થયેલા હોવા જોઈએ. પક્ષકારો દ્વારા રેકોર્ડ પર લાવવામાં આવેલી સામગ્રીને ધ્યાનમાં રાખીને તારણ પર આવવાની તપાસ અધિકારીની ફરજ છે. તપાસ અધિકારી દ્વારા તમામ આરોપીઓ સામે તપાસ દરમિયાન એકત્ર કરવામાં આવેલા કથિત પુરાવાઓને શિસ્ત વિષયક કાર્યવાહીમાં પુરાવા તરીકે ગણી શકાય નહીં. સદર દસ્તાવેજો સાબિત કરવા માટે કોઈ સાક્ષીની તપાસ કરવામાં આવી ન હતી. સંચાલનના સાક્ષીઓએ માત્ર દસ્તાવેજો રજૂ કર્યા હતા અને તેની સામગ્રી સાબિત કરી ન હતી. તપાસ અધિકારી દ્વારા, અન્ય બાબતોની સાથે, એફઆઈઆર પર આધાર રાખવામાં આવ્યો હતો જેને પુરાવા તરીકે ગણી શકાય નહીં.

૧૫. અમે અગાઉ નોંધ્યું છે કે તપાસ અધિકારી દ્વારા જેના પર આધાર રાખવામાં આવ્યો હતો તે એકમાત્ર મૂળભૂત પુરાવો

પોલીસ સમક્ષ અપીલકર્તા દ્વારા કરવામાં આવેલી કથિત કબૂલાત હતી. અપીલકર્તાના જણાવ્યા મુજબ, તેમને સદર કબૂલાત પર સહી કરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા, કારણ કે પોલીસ સ્ટેશનમાં તેમની સાથે અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. અપીલકર્તા બેંકના કર્મચારી હોવાથી, સદર કબૂલાત સાબિત થવી જોઈતી હતી. તેમણે બેંક ડ્રાફ્ટ બુકની ચોરી કરી હતી તે બતાવવા માટે રેકોર્ડ પર કઈ પુરાવા લાવવા જોઈતા હતા. સ્વીકાર્યપણે, કોઈ પ્રત્યક્ષ પુરાવા ન હતા. પક્ષોક્ષ પુરાવા પણ ન હતા. અહેવાલનું વલણ દર્શાવે છે કે તપાસ અધિકારીએ તેમને દોષી ઠેરવવાનું મન બનાવી લીધું હતું નહીં તો તેઓ એવા આધારે આગળ વધ્યા ન હોત કે ગુનો એવી રીતે આચરવામાં આવ્યો હતો કે કોઈ પુરાવા બાકી રહ્યા ન હતા."

૧૧. આ પેરા સ્પષ્ટપણે દર્શાવશે કે માનનીય સર્વોચ્ચ અદાલત સમક્ષની હકીકતો એ હતી કે તપાસ અધિકારીએ કસૂરવારને દોષી ઠેરવતી વખતે, એકમાત્ર પુરાવા પર આધાર રાખ્યો હતો જે પોલીસ સત્તાધિકારીઓ સમક્ષ અપીલકર્તાની કથિત કબૂલાતના રૂપમાં હતો. તપાસ અધિકારી દ્વારા કોઈ પુરાવાની તપાસ કરવામાં આવી ન હતી અને તેથી, આ કેસની હકીકતો વર્તમાન કેસની હકીકતો કરતાં અલગ હોવાથી, અરજદારના કેસને મદદ કરશે

નહીં.

૧૨. અરજદારના વિ. વકીલે આગળ એસ. ભાસ્કર રેડ્ડી વિરૂદ્ધ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, ૨૦૧૫ (૨) એસસીસી, પેજ નં.૩૬૫ માં અહેવાલ થયેલ માનનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખ્યો હતો. આ કેસમાં, વિવાદને જન્મ આપતી હકીકતો પેરા-૪ અને ૫ માં નોંધવામાં આવી છે, જે નીચે મુજબ છે:-

> "૪. અહીંના અપીલકર્તાઓની આંધ્રપ્રદેશના ચિત્તૂરના પોલીસ અધિક્ષક દ્વારા સશસ્ત્ર અનામત કોન્સ્ટેબલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તે સ્થાપનામાં તેમની ફરજો બજાવવા માટે તેમની ડેપ્યુટેશન ધોરણે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, રેલવે, ગુંટાકલની કચેરીમાં બદલી કરવામાં આવી હતી. તેઓ રેલવે પોલીસ સાથે ડેપ્યુટેશન પર હતા ત્યારે, એવો આક્ષેપ છે કે તેઓ એક હત્યાના કેસમાં ફસાયા હતા અને ૧૧.૦૯.૨૦૦૪ ના રોજ તેમને ચાર્જ મેમો જારી કરવામાં આવ્યો હતો. રેલવે પોલીસના નાયબ અધિક્ષકની તેમની સામેના આક્ષેપોની તપાસ કરવા માટે તપાસ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ૧૩.૦૬.૨૦૦૫ ના રોજ, તપાસ અધિકારીએ અપીલકર્તાઓને

તક આપ્યા પછી તેમનો તપાસ અહેવાલ સુપ્રત કર્યો. ત્યારબાદ, તેમને તેમના મૂળ વિભાગમાં પરત મોકલવામાં આવ્યા હતા. ૨૭.૦૩.૨૦૦૭ ના રોજ, ઉધાર લેનાર વિભાગ–અહીંના પ્રથમ સામાવાળાએ પોલીસ વિભાગની સેવામાંથી બંને અપીલકર્તાઓને બરતરફ કરવાનો હુકમ કર્યો.

૫. અપીલકર્તાઓએ, પ્રથમ સામાવાળા દ્વારા તેમની સામે કરવામાં આવેલા બરતરફીના હુકમથી નારાજ થઈને, વિવિધ કાનૂની આધારો રજૂ કરીને ટ્રિબ્યુનલ સમક્ષ મૂળ અરજી દાખલ કરી. ટ્રિબ્યુનલ સમક્ષ અપીલકર્તાઓનો કેસ એવો હતો કે પ્રથમ સામાવાળા દ્વારા તેમની સામે કરવામાં આવેલ બરતરફીનો હુકમ એ આંધ્રપ્રદેશ સિવિલ સર્વિસીસ (વર્ગીકરણ, નિયંત્રણ અને અપીલ) નિયમો, ૧૯૯૧ (ટૂંકમાં 'નિયમો') ના નિયમ ૯ (ix) હેઠળ દર્શાવ્યા મુજબ એક મુખ્ય પેનલ્ટી છે અને પ્રથમ સામાવાળા ઉધાર લેનાર સત્તાધિકારી હોવાથી અપીલકર્તાઓ સામે બરતરફીનો હુકમ કરવાની કોઈ ક્ષમતા ધરાવતા નથી. માત્ર બીજા સામાવાળા, જે ધિરાણ આપનાર સત્તાધિકારી છે, તે નિયમોના નિયમ ૩૦ હેઠળ ક્ષમતા ધરાવે છે.

